સૃષ્ટિ ઇન્નોવેશન રજૂ કરે છે.....

# સાત્વિક મહોત્સવ

**પારંપરિક વીસરાતી વાનગીઓ, સર્જનશીલતાનું પ્રદર્શન અને સજીવ ખેત પેદાશોનું વેચાણ**

**તારીખ : ૨૪-૨૫-૨૬, ડીસેમ્બર -૨૦૧૬ (શનિ-રવિ-સોમ)**

**સમય : સવારે ૧૧થી રાત્રે ૧૦ વાગ્યા સુધી**

**સ્થળ : ટી.વી. ટાવરની પાછળનું મેદાન, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૧૫**

**ફોન. ૦૭૯ - ૨૭૯૧ ૩૨૯૩, ૨૭૯૧ ૨૭૯૨ Email: sattvik@sristi.org**

## સાત્ત્વિક મહોત્સવના મુખ્ય હેતુઓ

૧. વીસરાતા ધાન્યો જેમ કે; કોદરા, બંટી, બાવટો, નાગલી, સામો, જુવાર, બાજરી, મકાઈ વગેરે જેવા અદ્ભૂત ધાન્યોમાંથી વૈવિધ્યસભર વાનગીઓ બનાવવી. આ વાનગીઓ દ્વારા લોકોમાં તેનો પારંપરિક સ્વાદ અને પોષણમૂલ્ય પુનઃજીવિત કરી લુપ્ત થવાને આરે ઉભેલા આવા તૃણ ધાન્યો પુનઃ આપણા રોજિંદા ખોરાકનો ભાગ બને તે માટે પ્રયત્ન કરી તેની માંગ ઊભી કરવી.

૨. આપણી આસપાસ એવી અનેક અપ્રચલિત વનસ્પતિઓ છે, જેના પોષણમૂલ્યની જાણકારી ન હોવાના કારણે આપણે તેને અવગણી છે. આવી વનસ્પતિઓમાંથી બનતી સ્વાદિષ્ટ વાનગીઓ પીરસીને તેના સંવર્ધન પ્રત્યે આમ જનતામાં જાગૃતિ લાવવી.

૩. વીસરાઈ રહેલી દેશી જાતો/દેશીબીજનું પ્રદર્શન યોજવું, બીજ મેળાનું આયોજન કરવું, બીજની અરસપરસ વહેંચણી કરવી, દેશી જાતોના સંવર્ધન માટે લોકજાગૃતિ પેદા કરવી. સાત્વિક મહોત્સવ દેશી બીજના જૈવવૈવિધ્યની જાળવણી માટેનો મંચ છે.

૪. ગ્રામીણ સંસ્કૃતિમાં રહેલ લોકકલાઓ, લોકગીતો, લોકકથાઓ અને જૂના વાદ્યોને આ મહોત્સવમાં રજૂ કરી નવી ઓળખ આપવી અને તેને લોકભોગ્ય બનાવવી.

૫. આપમેળે સમસ્યાઓમાં ઉકેલ શોધતા ગ્રામીણ સંશોધકો તથા વિદ્યાર્થીઓએ કરેલ નવીન શોધનું પ્રદર્શન યોજી સર્જનશીલતાના સંસ્કારનું સિંચન કરવું.

૬. બિનરાસાયણિક ખેતી કરતા ખેડૂતો પોતાની ખેતપેદાશો શહેરના જાગૃત ગ્રાહકોને સીધુ વેચાણ કરી શકે તે માટે મંચ પૂરો પાડવો. (તૃણ ધાન્યો, અનાજ, કઠોળ, મસાલા, શાકભાજી, ગાયનું વલોણાનું ઘી, ઘાણીનું તલનું તેલ, વિવિધ જાતના કંદમૂળ, મધ, ઔષધિઓ, ફળો અને રસાયણમુક્ત ગોળનું વેચાણ ખેડૂતો દ્વારા થશે.)

**પત્રવ્યવહારનું સરનામું: સૃષ્ટિ સંસ્થા, AES બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને SBI બેંક પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯**

**ફોન: (079) 2791 3293, 2791 2792, (મો) 99253 20793, 70434 61139**

**web: www.sristi.org, Email: sattvik@sristi.org**

# સ્ટોલધારકો માટે નિયમો/માર્ગદર્શિકા

**૧. વ્યક્તિગત શ્રેણીઃ ગરમ વાનગીનાઃ સ્ટોલમાં મળવાપાત્ર સુવિધાઓ**

- સ્ટોલની સાઈઝ ૧૦ x ૧૦ ફૂટ રહેશે અને સ્ટોલ કાપડનો હશે.
- સ્ટોલની પાછળ ૧૦ ફૂટ ખુલ્લી જગ્યા છાંયડા સાથે રસોઈ બનાવવા માટે આપવામાં આવશે.
- દરેક સ્ટોલમાં ૬ ટેબલ, ૪ ખુરશી, ૨ ટ્યુબ લાઇટ (આગળ-પાછળ) અને ૧ સામાન્ય પાવર પ્લગ આપવામાં આવશે. જેમાં ઘરનું મિક્સર અને મોબાઈલ ફોન ચાર્જ કરી શકશો. (એક્સટેન્શન લગાવવાની છૂટ નથી, એક્સટેન્શન મહોત્સવના સ્થળ ઉપર લાવવાની મનાઈ છે.)
- રસોઈ બનાવવા માટે પાણી પોતાની જરૂરિયાત મુજબ પોતાના વાસણો (પીપ/નળા) માં ભરી રાખવાનું રહેશે. સૃષ્ટિ સંસ્થા દિવસમાં ત્રણ વખત સવાર-બપોર-સાંજ ટેન્કરથી પાણી પૂરુ પાડશે.
- **વધારાના ટેબલ ખુરશી, પ્લગ, ટ્યુબલાઈટ, હેલોજન, કોમર્શિયલ ડીપફ્રીઝ જેવા ભારે વિદ્યુત ઉપકરણો ચલાવવા ૫ ડીસેમ્બર સુધીમાં પાવરની જરૂરિયાત જણાવી તેનુ અલગથી શુલ્ક સૃષ્ટિ કાર્યાલયમાં જમા કરાવવાનું રહેશે.** વધારાની વીજળીનું શુલ્ક જમા કરાવવા પાવતી બતાવ્યા પછી જ વધારાનો ઈલેક્ટ્રીક સપ્લાય આપવામાં આવશે. રાત્રીના ૧૨થી સવારના ૭ કલાક સુધી પાવર સપ્લાય બંધ રહેશે.
- **મુખ્ય બેનરની ડિઝાઈન-લેઆઉટ ફોન્ટ, માપ (બેનરની સાઈઝ) સૃષ્ટિ તરફથી નક્કી કરવામાં આવે તે મુજબ જ બનાવવાનું રહેશે.**
- રસોઈ બનાવવા જવા-આવવા પાછળનું કપડું નીકળી શકે અને બાંધી શકાય તેવી વ્યવસ્થા હશે.
- દસ ઓળખપત્ર આપવામાં આવશે.

**૨. વ્યવસાયિક શ્રેણીઃ તમામ પ્રકારના પેકીંગ ઉત્પાદનો અને સંસ્થાગત સ્ટોલ ધારકોને મળવા પાત્ર સુવિધાઓ :**

- સ્ટોલની સાઈઝ ૧૦ x ૧૦ ફૂટ રહેશે. (સ્ટોલની પાછળ જગ્યા નહિ હોય)
- દરેક સ્ટોલમાં ૪ ટેબલ, ૪ ખુરશી, ૧ ટ્યુબ લાઇટ અને ૧ સામાન્ય પાવર પ્લગ આપવામાં આવશે. જેમાંથી માત્ર મોબાઇલ ચાર્જ કરવા અથવા લેપટોપનો ઉપયોગ કરી શકાશે. (એક્સટેન્શન લગાવવાની છૂટ નથી. એક્સટેન્શન મહોત્સવના સ્થળ ઉપર લાવવાની મનાઈ છે.)
- **વધારાના ટેબલ ખુરશી, પ્લગ, ટ્યુબલાઈટ, હેલોજન, ડીપફ્રીઝ જેવા વિદ્યુત ઉપકરણો ચલાવવા ૫ ડીસેમ્બર સુધીમાં પાવરની જરૂરિયાત જણાવી તેનુ અલગથી શુલ્ક સૃષ્ટિ કાર્યાલયમાં જમા કરાવવાનું રહેશે. આ પાવતી સ્ટોલના સ્થળે વાયરમેનને બતાવવાથી વધારાનો વીજ સપ્લાય આપવામાં આવશે. મહોત્સવ શરૂ થઇ ગયા પછી કોઈ પણ સંજોગોમાં વધારાનો પાવર સપ્લાય** આપવામાં આવશે નહિ કે ઉપકરણ ચલાવવા દેવામાં આવશે નહિ.
- કોઇ સ્ટોલ ધારક પરવાનગી વિના કોઈપણ પ્રકારના વિદ્યુત ઊપકરણો (ઓવન, ડિપફ્રીજ, ફ્રિજ, ઇન્ડસ્ટ્રીયલ જ્યુસર, ઇલેક્ટ્રીક સગડી)નો ઉપયોગ કરશે તો તુરંત સ્ટોલ બંધ કરાવવામાં આવશે.

  **રાત્રીના ૧૧થી સવારના ૯ કલાક સુધી પાવર સપ્લાય બંધ રહેશે.**
- **મુખ્ય બેનરની ડિઝાઈન-લેઆઉટ ફોન્ટ, માપ (બેનરની સાઈઝ) સૃષ્ટિ તરફથી નક્કી કરવામાં આવે તે મુજબ જ બનાવવાનું રહેશે.**
- પાંચ ઓળખપત્ર આપવામાં આવશે.

૩. **બેનરઃ** ગરમ વાનગીના વ્યક્તિગત અને સંસ્થાગત સ્ટોલમાં બેનર ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ભાવ સાથે હોય એ અનિવાર્ય છે. બેનરની નિયત ડિઝાઇન, માપ, ફોન્ટ વગેરે માટે સૃષ્ટિના **નિર્ણયો અંતિમ ગણાશે.** સ્ટોલધારક બેનરમાં કોઈપણ પ્રકારનો સુધારો કે વધારો કરી શકશે નહિ. સ્ટોલની અંદરની બાજુ સ્ટોલધારક પોતાની રીતે સજાવટ કે બેનર લગાવી શકાશે.

૪. **ભાવ અને પદાર્થોનું નિયમનઃ** ભાવ પત્રક, વાનગીની રીત, વાનગીમાં વપરાતા તમામ પદાર્થો, પોષણ મૂલ્ય વગેરેની વિગતો **માન્ય કરાવવી અનિવાર્ય છે. તેલ, ઘી, મસાલા, દૂધ જેવા પદાર્થો શુધ્ધ વાપરવા.** કપાસિયાનું તેલ અને વનસ્પતિ ઘી (ડાલડા) વાપરવાની મનાઇ છે. **ચીઝ અને પનીરમાંથી** વાનગી બનાવવાની મનાઈ છે. **માત્ર સોયાપનીરનો ઉપયોગ કરી શકાશે. ઘી** વાપરવાનું થાય ત્યારે **માત્ર ગાયનું ઘી વાપરવું ફરજીયાત છે.** ગ્રાહકને પુરો અધિકાર છે કે તમે ક્યુ તેલ, ઘી કે દૂધ વાપર્યું છે તે સવાલ પુછી શકે. ગુણવત્તાના નિયમો બાબતે કચાશ જણાશે અથવા ગ્રાહકો તરફથી **મહોત્સવ દરમ્યાન સ્ટોલધારકની ફરીયાદ મળશે તેવા સંજોગોમાં તત્કાલ શિક્ષાત્મક પગલા લેવાની ફરજ પડશે.**

- વીસરાતી વાનગીઓમાં રહેલ પૌષ્ટિકતા અને તેના મૂલ્યોને ધ્યાનમાં રાખી વધુ પડતા ગરમ મસાલા અને તેલનો ઉપયોગ મર્યાદિત પ્રમાણમાં કરવા અનુરોધ છે. કોઈપણ પ્રકારના **કૃત્રિમ રંગો, પ્રિઝર્વેટીવ કે બજારમાં મળતા ફાસ્ટ ફૂડ પ્રકારની વાનગીઓ બનાવવા-વેચવા પર સખ્ત પ્રતિબંધ** છે. હળવા, વીસરાતા કે અપ્રચલિત ધાન્યોમાંથી પરંપરાગત વાનગીઓ બને તે એક માત્ર સાત્ત્વિકનો હેતુ છે.
- અગાઉના વર્ષના સ્ટોલધારકોએ માર્ગદર્શિકાનું પાલન ન કર્યું હોય તેવા સ્ટોલધારકોના ફોર્મ/પત્રકો સ્વીકારવામાં કે ધ્યાનમાં લેવામાં આવશે નહિ. સ્ટોલની ફાળવણી બાબતે કોઈપણ પ્રકારની ભલામણને અવકાશ નથી.
- સ્ટોલધારકોએ **કોઈપણ જાતના અવૈજ્ઞાનિક દાવા ગ્રાહકો સમક્ષ કરવા નહિ, તમે જે કહો કે રજૂ કરો તે વિજ્ઞાન આધારિત હોવું જોઈએ.**

૫. **પ્લાસ્ટીકના ઝભલા પ્રતિબંધીતઃ** પ્લાસ્ટિકની કેરી બેગ, ગ્લાસ, ચમચી, થર્મોકોલના ગ્લાસ, અન્ય પોલીથીન કે પ્લાસ્ટીકમાંથી બનાવેલ વસ્તુ લાવવા-વેચવા કે ગ્રાહકને આપવા/વાપરવા પર પ્રતિબંધ છે. પાણીના પાઉચ રાખવા-વેચવા પર પ્રતિબંધ છે.

- **સ્ટોલમાંથી પ્રથમ વાર જ પોલીથીન આધારીત કોઈપણ પ્રકારની સામગ્રી જોવા મળશે તેવા સંજોગોમાં સ્ટોલ બંધ કરાવવામાં આવશે.**
- પેકિંગ મટીરિયલમાં ઇકોફ્રેન્ડલી જ વાપરવું. પેકિંગ મટીરિયલ બાબતે કોઈપણ પ્રકારની મુંઝવણ હોય તો ચર્ચા કરી ઉકેલ મેળવવો.

૬. **પીવાનું પાણીઃ** મુલાકાતીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા ‘સૃષ્ટિ’ તરફથી કરવામાં આવશે. પાંચથી છ કાઉન્ટર પર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવનાર છે.

૭. **ઓળખપત્રઃ** ગરમ વાનગીના સ્ટોલધારકને **ફોટા સાથેના કુલ ૧૦ વ્યક્તિઓ માટે ઓળખપત્ર મળશે, જ્યારે અન્ય સ્ટોલધારકોને માત્ર પાંચ(૫) વ્યક્તિઓ માટે ઓળખપત્ર મળશે.** આ માટે સ્ટોલધારકોએ સ્ટોલમાં કામ કરવાના હોય તેવી વ્યક્તિઓના કલર ફોટા અને પુરું સરનામું લઇને ૧૫ ડિસેમ્બર સુધીમાં સૃષ્ટિમાં રૂબરૂ આવવું. નિયત ઓળખપત્રમાં આ ફોટાઓ લગાવી સરનામું લખી સૃષ્ટિ સંસ્થાના સહી સિક્કા કરાવી લેવા. **તારીખ ૧૭ ડિસેમ્બર પછી નવા ઓળખપત્રની વિનંતી ધ્યાનમાં લેવામાં નહિ આવે.** જે સ્ટોલધારકો ઓળખપત્ર મેળવવામાં રહી જશે તેઓએ મહોત્સવ પરિસરની અંદર અવર-જવર કરવા માટે ૨૦ રૂપિયાની પ્રવેશ કુપનનો ઉપયોગ કરવો પડશે.

- ઓળખપત્રમાં લેવા આવો ત્યારે સ્ટોલમાં કાર્ય કરનાર તમામ સહાયકોના પૂરા-નામ સરનામા અને ફોન નંબર સૃષ્ટિના અલગ પત્રમાં લખવાના રહેશે. સૃષ્ટિની માર્ગદર્શિકા આ તમામ કાર્યકરોને વંચાવવી અને તેનું પાલન થાય તે જવાબદારી સ્ટોલધારકના શીરે રહેશે.

૮. **જોખમઃ** મહોત્સવ દરમ્યાન કોઈપણ પ્રકારની કુદરતી કે માનવસર્જિત આપદા (આગ, ભૂકંપ, વાવાઝોડુ, વરસાદ, હુલ્લડ, ચોરી કે અકસ્માત)ના સંજોગોમાં **સ્ટોલધારકને કોઈ પણ પ્રકારનું નુકસાન થશે તો તેનું જોખમ જે તે સ્ટોલધારકોના શીરે રહેશે.** આયોજક તરફથી ફાયર બ્રીગેડ, ખાનગી સીક્યુરીટીની સેવાઓ સ્થળ ઉપર ઉપલબ્ધ હશે. સ્ટોલધારકને કોઇપણ પ્રકારે થયેલ આર્થિક નુકસાન માટે સૃષ્ટિ સંસ્થા કોઇપણ રીતે જવાબદાર નથી.

- **ગેસના વપરાશ અંગે સાવચેતીઃ** રસોઇ બનાવવા માટે ઘરેલુ ગેસ સિલિન્ડર વાપરવાની મનાઇ છે. માત્ર કોમર્શિયલ (મોટા) સિલિન્ડર જ વાપરવા. ગેસની પાઇપ કે સગડી ખામીયુક્ત કે ક્ષતિયુક્ત છે કે નહી તેની ચકાસણી કરી લેવા અનુરોધ છે.

૯. **સ્વચ્છતા જાળવવીઃ** સ્ટોલની આગળ તથા રસોઈ બનાવવાની જગ્યાએ **સ્ટોલધારકોએ સ્વયં સ્વચ્છતા જાળવવાની રહેશે.** આ માટે સ્ટોલધારકે એક વ્યક્તિને નિયુક્ત કરવાનો રહેશે જે માત્ર સફાઈ અને સ્વચ્છતા ઉપર ધ્યાન રાખશે. સ્ટોલની આગળ પાંચથી સાત ફૂટ તથા સ્ટોલની પાછળ કોઈપણ પ્રકારની ગંદકી ન થાય તે તેની જવાબદારી સ્ટોલધારકની રહેશે. હા, સ્ટોલની પાછળ તથા આગળ મોટા ડસ્ટબીન (કચરાપેટી) મુકેલા હશે જેને ખાલી કરાવવા માટે સૃષ્ટિ સંસ્થાએ અલગથી વ્યવસ્થા કરેલ છે. જે દસ ઓળખપત્ર આપવામાં આવે છે તેમાં એક વ્યક્તિ પ્રત્યેક સ્ટોલમાં સફાઈ માટે હોય તે અનિવાર્ય છે. દરેક સ્ટોલધારક માટે સ્વચ્છતા અને સફાઈના નિયમનું પાલન કરવું જરૂરી છે.

- સાંજે સ્ટોલ બંધ કરતી વખતે પણ તમામ કચરો કચરાપેટીમાં જ હોય તેની કાળજી રાખવાની રહેશે. છેલ્લા દિવસે રાત્રે સ્ટોલ બંધ કરતી વખતે પણ જે સ્ટોલધારકો સફાઈ કર્યા વિના ખાલી કરીને જતા રહેશે તેઓની ડીપોઝીટ આપો-આપ જપ્ત થઈ જશે.
- ગરમ વાનગીના સ્ટોલધારકોએ વાનગી પીરસતી વખતે **હેન્ડ ગ્લોજ, એપ્રોન અને માથે ટોપી પહેરવી ફરજીયાત છે.** સૃષ્ટિ તરફથી દરેક સ્ટોલધારકોને ગ્લોજ, એપ્રોન અને ટોપી આપવામાં આવશે. **જેની પડતર કિંમત અલગથી સૃષ્ટિમાં જમા કરાવી કિટ મેળવી લેવાની રહેશે. વાનગી પીરસતી વખતે ચમચી, ચીપયો વગેરેનો ઉપયોગ કરવો. ખુલ્લા હાથે વાનગીઓ પીરસવી નહીં.**
- શાકભાજી સમારતાં પહેલાં ધોઈ સાફ-સુફ કરીને જ રસોઈ બનાવવી.

૧૦. **મ્યુનિ.માં નોંધણીઃ** ગરમ વાનગીના સ્ટોલની નોંધણી મ્યુનિ.માં સ્ટોલધારકે સ્વયં કરાવવાની રહેશે.

૧૧. **સ્ટોલની ફાળવણીઃ** સ્ટોલના નંબર/ક્રમાંક વાનગીની વિવિધતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. વ્યવહારિક ધોરણે ગ્રામીણ સ્ટોલધારકોને પ્રાથમિકતા આપવાનું "સૃષ્ટિ"ના ઉદ્દેશ્યોમાં છે તેથી શહેરી સ્ટોલધારકોએ આ બાબતે ચર્ચા, ભલામણ કે આગ્રહ રાખવો નહીં.

- સ્ટોલની ફાળવણી માત્ર વીસરાતી વાનગીઓને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવશે. શહેરના રેસ્ટોરન્ટ કે લારી-ગલ્લાં ઉપર સુલભ હોય તેવી કોઈપણ વાનગી માટેના ફોર્મ/અરજી સ્વીકારવામાં આવશે નહીં.
- **ચીલા-ચાલુ વાનગીઓ માટે સ્ટોલની ફાળવણી કરવામાં આવશે નહીં.**
- ખીચુ, હાંડવો, ઢોકળાં, ખમણ, પીઝા, દાબેલી, ભાજીપાઉં, વડાપાઉ, સેન્ડવીચ, પાણીપુરી, ચોળાફળી વગેરે વાનગીઓના સ્ટોલ ફાળવવામાં નહિ આવે.

- તારીખ ૦૫, ડીસેમ્બર, ૨૦૧૬ સુધીમાં પ્રાપ્ત અરજીઓ/આવેદનમાંથી વાનગીની વિવિધતા, પોષણમૂલ્ય અને સ્ટોલધારકનો હેતુ, વાનગી બનાવવાની અને વેચવાની ક્ષમતા, ઉદ્યોગ સાહસિકતા વગેરેને ધ્યાનમાં લઇ પસંદગીના સ્ટોલ ધારકોને સમિતિ સમક્ષ રૂબરૂ ચર્ચા માટે બોલાવવામાં આવશે. સમિતિના સભ્યો વાનગીમાં સુધારા-વધારા સૂચવી શકે છે.
- ગામડાઓમાં બનતી હાથ વલોણા સિવાયની છાશ વેચી શકાશે નહિ. શહેરી સ્ટોલધારકોને છાશ રાખવાની કે વેચવાની મનાઈ છે.
- જે હેતુસર સ્ટોલની ફાળવણી કરી હોય તે સિવાયની કોઈપણ અન્ય પેદાશો, માહિતી કે પત્રિકા વહેંચી - વેચી કે પ્રદર્શિત કરી શકાશે નહિં. અન્ય ઉત્પાદકો કે મિત્રોને તમારા સ્ટોલ પરથી કોઇપણ પ્રકારનો પ્રચાર કરવાની છૂટ નથી.
- સ્ટોલ અંગે આપની ખાસ જરૂરિયાત/સૂચન કે અપેક્ષા હોય તો ફોર્મ ભરતી વખતે જ લેખિત રજૂઆત કરવી, **મૌખીક અથવા મોબાઈલ ફોન ઉપર કરેલી રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

૧૨. **સ્ટોલ શુલ્કઃ** સ્ટોલના નાણાં સૃષ્ટિમાં રોકડા જમા કરાવવાના નથી. ચેક અથવા રોકડેથી સૃષ્ટિના AXIS બેંક એકાઉન્ટમાં જે તે સ્ટોલ ધારકે સ્વયં ભરવાના છે. પસંદગી પામેલા સ્ટોલધારકોને બેંકમાં ભરવા માટેની ખાસ બેંક સ્લીપ સૃષ્ટિ સંસ્થામાંથી જ આપવામાં આવશે. નાણાં/ચેક જમા કરાવ્યા પછી બેંક સ્લીપની એક કોપી સૃષ્ટિમાં ફરજીયાત જમા કરાવવાની રહેશે.

- ક્યાંક એવું બને કે પૈસા જમા કરાવવાની સૂચના મળ્યા પછી પણ સૃષ્ટિ સંસ્થાને એવું લાગે કે, આ વાનગીઓ મહોત્સવના ઉદ્દેશ્યોને અનુરૂપ નથી અથવા સ્ટોલધારકનો કોઈ અન્ય હેતુ-આશય જણાશે તેવા સંજોગોમાં ભરેલા નાણાં પાછા આપી દેવામાં આવશે.
- વાનગીની માન્યતા મળી હોય તેવા સ્ટોલધારકને ખૂણાના અથવા પસંદગીના સ્ટોલની માંગણી હશે તેઓએ સ્ટોલશુલ્કના ૫૦% રકમ વધુ ચુકવવી પડશે.
- આઈસ્ક્રીમ, જ્યુસ, સોફ્ટ ડ્રીંક, આંબળા ઉત્પાદનો વગેરેએ વ્યવસાયિક શ્રેણીનું શુલ્ક ચુકવવાનું રહેશે. સ્ટોલ પંડાલમાં હશે જે સ્ટોલધારકો **ગરમ વાનગીની સાથે કોઈ પણ પ્રકારની પેકીંગ પ્રોડક્ટ વેચતા હશે તેઓનો પણ વ્યવસાયિક શ્રેણીમાં જ સમાવેશ થશે.**

૧૩. **ગુણવત્તા ચકાસણી કાર્યક્રમઃ** ગરમ વાનગીના દરેક સ્ટોલ ધારકોએ **"વીસરાતી વાનગીઓની ગુણવત્તા ચકાસણી કાર્યક્રમ"**માં ભાગ લેવો ફરજીયાત છે. આ કાર્યક્રમ **તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬ શનિવારના રોજ સાંજે ૪થી ૭ દરમ્યાન સૃષ્ટિ સંસ્થા ખાતે યોજવામાં આવશે.** સ્ટોલમાં જે વાનગીઓ રજૂ કરવાના છો તે દરેક વાનગીઓ હૂબહૂ રજૂ કરવાની રહેશે. ઉત્કૃષ્ટ વાનગીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

- જે સ્ટોલધારકોની વાનગીઓ ગુણવત્તાના માપદંડો અને સાત્ત્વિક મહોત્સવના ઉદ્દેશ્યોને અનુરૂપ ન જણાય તેઓના સ્ટોલ રદ થવાને પાત્ર પણ છે. નાણાં ભરેલ હશે તેવા સંજોગોમાં તમામ પૈસા પાછા આપી દેવામાં આવશે. જ્યાં જરૂર લાગશે ત્યાં વાનગી બદલવાની તૈયારી સ્ટોલધારકે રાખવી પડશે. વાનગીની પસંદગી બાબતે સૃષ્ટિનો નિર્ણય અંતિમ અને સર્વમાન્ય ગણાશે.
- વાનગીઓની ગુણવત્તા ચકાસણી કાર્યક્રમમાં કેટલાક તજજ્ઞો, સ્વૈચ્છિક કાર્યકરો, પત્રકારો, વિદ્યાર્થીઓ વગેરે હાજર હશે. તેઓ પણ તમારી વાનગીઓ ચાખશે અને મૂલ્યાંકન કરી આયોજકને પ્રતિભાવ આપશે. સહુ સ્ટોલધારકોને આગ્રહ છે કે વાનગીઓની ગુણવત્તા અને વિશિષ્ટતાની સુંદર રજૂઆત કરે તે ઈચ્છનીય છે.
- ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર, ૨૦૧૬ (શનિ, રવિ, સોમ) દરમિયાન **સૃષ્ટિ દ્વારા નિયુક્ત સ્વૈચ્છિક કાર્યકરો "વાનગીઓની ગુણવત્તા" તથા માર્ગદર્શિકાનું પાલન થાય છે કે નહિ તેનું સતત નિરીક્ષણ (મોબાઈલ, કેમેરા સાથે) કરતા રહી આયોજકને અહેવાલ આપતા રહેશે.**

- ગ્રાહકને જે વસ્તુ/વાનગી જે ભાવે જે જથ્થામાં પીરસવાના છે તેની વિગતો સાદા કાગળમાં લખી લાવવાની રહેશે. આ દિવસે આ જ પ્રમાણે ટેબલ ઉપર પ્રેઝન્ટેશન કરવાનું રહેશે. યાદ રહે પડિયો, પ્લેટ, પતરાળું, ગ્લાસ, કપ વગેરે ઈકોફ્રેન્ડલી જ હોવા જોઈએ. કોઈપણ સંજોગોમાં પોલીથીન કે થર્મોકોલ મટીરીયલ્સ ચલાવી લેવામાં આવશે નહિ. સ્ટોલધારકે નિયત એપ્રોન અને હેન્ડગ્લોઝ પહેરેલા હોય તે જરૂરી છે.

**૧૪. મંડપ પરિસરમાં વાહન પ્રતિબંધ:**

- મહોત્સવ પરિસરની અંદર કાચો માલ-સામાન (શાકભાજી, દૂધ, શેરડી, નારીયેળ, ગેસની બોટલ, સીધુ સામાન કે અન્ય) માટે વાહન સવારે ૯-૩૦ વાગ્યા પછી પ્રવેશવા દેવામાં નહીં આવે. સીધુ સામાન પાર્કિંગ એરીયામાંથી ઊંચકીને મુખ્ય પ્રવેશદ્વારથી લઈ જવું પડશે. આ માટે જરૂરી છે કે, અગાઉથી જ તૈયારી અને આયોજન કરી લેવું. સફાઈ અને ગ્રીન નેટનું મેઈન્ટેનન્સનું કામ આ દરમ્યાન ચાલુ હશે જેથી વાહન માટે પરવાનગી આપવામાં નહિ આવે. સ્ટોલની પાછળ વાહન મુકવા નહી, પાણીના ટેન્કર અને ફાયર બ્રિગેડ માટે આરક્ષિત રસ્તાને ખુલ્લો રાખવો જરૂરી છે. સ્ટોલની પાછળ વાહન આવે તેવી વ્યવસ્થા વિચારણા હેઠળ છે, પરંતુ તેવુ શક્ય બનશે તેવી ખાતરી આપી શકાય નહિ.

૧૫. **ગેરકાયદેસર પ્રવેશ:** પાર્કીંગ બાજુથી જે સ્ટોલધારકો કે તેમના સહાયકો, સગાઓ પાસ લીધા વગર સીધા જ કપડાની દિવાલ ઓળંગી ગેરકાયદેસર પ્રવેશ મેળવશે તેવા સ્ટોલધારકોની ૨૦૦૦/- રૂપિયા ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ઘર્ષણના સંજોગોમાં સ્ટોલ તાત્કાલિક બંધ કરવામાં આવશે. સિક્યુરીટી કાર્યકરો સાથે કોઈપણ પ્રકારના વાદ-વિવાદ કે ઘર્ષણમાં પડવું નહીં.

૧૬. સ્ટોલધારકોને વિનંતી છે કે, આ માર્ગદર્શિકાનું પાલન થાય તે માટે તેમના પરિવારજનો અને સહાયક રસોઈયા અને સાથીમિત્રોને બધા જ નિયમોથી અવગત કરાવવા.

**તમામ નિયમો અને મર્યાદાઓ સાત્ત્વિક મહોત્સવના સુચારુ સંચાલન માટે છે.**
**સ્ટોલધારકો તરફથી પ્રતિભાવો હંમેશા આવકાર્ય છે.**

**ચેતવણી :**

**૧. મહોત્સવના ઉદ્દેશો અને સ્ટોલધારકો માટેના નિયમો/માર્ગદર્શિકાનું પાલન કરવામાં સ્ટોલધારક નિષ્ફળ જશે તો સ્ટોલ બંધ કરાવવાની ફરજ પડશે. આવા સ્ટોલ ધારકને કોઇપણ પ્રકારનું વળતર આપવામાં આવશે નહી. સ્ટોલ શુલ્ક પણ પરત કરવામાં આવશે નહીં. જે કંઇ નુકસાન થશે તે સ્ટોલધારકના શીરે રહેશે.**

**૨. સાત્ત્વિક મહોત્સવ અંગે કોઈપણ પ્રકારની વધુ માહિતી માટે સૃષ્ટિ સંસ્થામાં સાંજે ૩ થી ૫માં ૦૭૯-૨૭૯૧૩૨૯૩, ૨૭૯૧૨૭૯૨ ઉપર ફોનથી સંપર્ક કરવો અથવા આ સમય દરમ્યાન રૂબરૂ મુલાકાત કરવી. મોબાઈલ ફોન પર સાત્ત્વિક અંગે કોઈ પૂછપરછ ન કરવા નમ્ર વિનંતી છે. મિટિંગ અંગેની જરૂરી સૂચનાઓ સાત્વિક-૨૦૧૬ના વોટસઅપગૃપ મારફતે જ મોકલવામાં આવશે. મિટિંગમાં હાજર નહી રહેનાર સ્ટોલ ધારકને સ્ટોલ ફાળવવામાં આવશે નહીં.**

**આ લખાણ બેનર માટે ઉપયોગી હોવાથી સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખવું. ચેક-ચાક કરેલું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

સ્ટોલ ધારકનું નામ ..........................................................................................................

નિવાસનુ સરનામું: ..........................................................................................................

..........................................................................................................

..........................................................................મો. ..........................................................

વોટસઅપ નંબર (૧)..................................................................(૨)..................................................

**સાત્વિક મહોત્સવમાં તમે જે વાનગી રજૂ કરવાના છો તે બજારમાં પ્રચલિત વાનગીઓ કરતાં કેવી રીતે અલગ પડે છે તેની સ્પષ્ટ રજૂઆત કરવાની રહેશે.**

**નોંધ: ૭ થી વધુ વાનગી એક સ્ટોલમાં રાખી શકાશે નહી.**

| ક્રમ | વીસરાતી વાનગીનું નામ | વાનગી બનાવવામાં વપરાતા પદાર્થોનું નામ | જથ્થો/નંગ | પ્રતિ એકમ વેચાણ ભાવ | અન્ય નોંધ |
|---|---|---|---|---|---|
| | | | | | |

| ક્રમ | વીસરાતી વાનગીનું નામ | મુખ્ય સામગ્રી અને તેની વિશેષતા | પ્રક્રિયાની રીતે વિશેષતા | વાનગી પસંદ કરવાનું કારણ? |
|---|---|---|---|---|
| | | | | |

# સ્ટોલધારકો માટે વિગતવાર કાર્યક્રમની રૂપરેખા

| ક્રમ | તારીખ | કામની વિગત | અન્ય વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૬-૧૧-૨૦૧૬ | દૈનિક પત્રોમાં જાહેરાત | |
| ૨ | ૦૬-૧૧-૨૦૧૬ થી ૨૫-૧૧-૨૦૧૬ | ફોર્મનું વિતરણ અને ભરેલ પત્રકો સ્વીકારવા | |
| ૩ | ૨૬-૧૧-૨૦૧૬ થી ૦૩-૧૨-૨૦૧૬ | ફોર્મની ચકાસણી અને સ્ટોલ ધારકો સાથે ચર્ચા | |
| ૪ | ૨૬-૧૧-૨૦૧૬ થી ૦૫-૧૨-૨૦૧૬ | પસંદગી પામેલા સ્ટોલધારકોને નાણાં ભરવા માટેની AXIS બેંકની ખાસ સ્લીપનું વિતરણ અને નાણાં ભર્યાની ચકાસણી | |
| ૫ | ૧૦-૧૨-૨૦૧૬ શનિવાર | પસંદ થયેલ સ્ટોલધારકો સાથે **પ્રથમ મિટીંગ ચાર વાગે** સૃષ્ટિ સંસ્થા ખાતે | ભાગ લેવો ફરજીયાત |
| ૬ | ૧૦-૧૨-૨૦૧૬ થી ૧૭-૧૨-૨૦૧૬ | ઓળખપત્ર માટે ફોટા લઈ સૃષ્ટિમાં રૂબરૂ આવવું. એપ્રોન અને હેન્ડગ્લોઝની કિટના નાણાં ભરી મેળવી લેવા. | |
| ૭ | ૧૨-૧૨-૨૦૧૬ | શહેરની ૨૦૦ શાળાઓમાં ભણતા ધો.૧ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓને ફ્રી પ્રવેશ તથા રમતગમતની પ્રવૃત્તિઓના આમંત્રણ કાર્ડનું વિતરણ | સ્ટોલધારકો વિતરણમાં સહભાગી બને એ આવકાર્ય છે. |
| ૮ | ૧૭-૧૨-૨૦૧૬ શનિવાર | વાનગીની ગુણવત્તા ચકાસણી કાર્યક્રમ અને સ્ટોલધારકો સાથે બીજી મિટિંગ. એપ્રોન પહેરીને જ ભાગ લેવો. સમયઃ બપોરે ૪ થી ૭ સુધી, સૃષ્ટિ કાર્યાલય. | ભાગ લેવો ફરજીયાત |
| ૯ | ૧૭-૧૨-૨૦૧૬થી ૧૯-૧૨-૨૦૧૬ | બેનરનું લખાણ ફાઈનલ કરાવવા સૃષ્ટિમાં રૂબરૂ મળવું. ડિઝાઈનની સોફ્ટ કોપી ડ્રાઇવ કે CD માં મેળવી લેવી. | ફરજીયાત |
| ૧૦ | ૨૧-૧૨-૨૦૧૬ | સ્ટોલ નંબરની ફાળવણી | |
| ૧૧ | ૨૨-૧૨-૨૦૧૬ | વીસરાતી વાનગીઓની હરીફાઈ સવારે ૧૨ થી ૩ દરમ્યાન | સ્વૈચ્છિક |
| ૧૨ | ૨૩-૧૨-૨૦૧૬ | સ્ટોલનું પઝેશન સાંજે સાત વાગ્યા પછી જ જે તે સ્ટોલના બેનર લગાવવામાં સ્ટોલધારકોએ મદદ કરવી રહી | |
| ૧૩ | ૨૪-૧૨-૨૦૧૬ | સાત્ત્વિક મહોત્સવનું ઉદ્‌ઘાટન સવારે ૧૦-૩૦ કલાકે | |

# સ્ટોલ શુલ્કની વિગત

| ક્રમ | વિગત | લાગુ પડે ત્યાં ✔ કરવું | ત્રણ દિવસ માટે સ્ટોલ શુલ્ક (રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | **વ્યક્તિગતઃ** (માત્ર ગરમ વાનગીઓ) | | |
| | વ્યક્તિગત | | રૂ.૨૦,૦૦૦/-* |
| | સંસ્થાગત | | રૂ.૨૦,૦૦૦/- |
| | હોટલ/રેસ્ટોરન્ટ (નાની હોટલ કે રેસ્ટોરન્ટ ધરાવતાં વ્યવસાયિકો) | | રૂ.૪૦,૦૦૦/- |
| ૨ | **વ્યવસાયિક શ્રેણીઃ** | | |
| | આયુર્વેદિક ઉત્પાદનો | | રૂ.૪૦,૦૦૦/- |
| | સૌંદર્ય પ્રસાધનો | | રૂ.૪૦,૦૦૦/- |
| | ખાદ્યપેકિંગ પ્રોડક્ટ | | રૂ.૪૦,૦૦૦/- |
| | હસ્તકલા | | રૂ.૨૫,૦૦૦/- |
| ૩ | **સજીવ પેદાશોનું વેચાણઃ પંડાલમાં સ્ટોલ** | | |
| | વ્યક્તિગત ખેડૂતો (જે પોતે ઉગાડીને વેચતા હોય તેવા) | | રૂ.૨૫,૦૦૦/- |
| | વ્યક્તિગત વિક્રેતા/વેપારી | | રૂ.૪૦,૦૦૦/- |
| | પ્રાઈવેટ કંપની/બ્રાન્ડ | | રૂ.૪૦,૦૦૦/- |
| ૪ | **પુસ્તકો/પ્રદર્શનઃ** | | રૂ.૨૦,૦૦૦/- |
| ૫ | **પંડાલમાં માત્ર એક ટેબલ :** માત્ર પેકીંગ પ્રોડક્ટના ઉત્પાદકો અને વિક્રેતાઓ માટે કોઈપણ પ્રકારનું બેનર લગાવી કે બાંધી શકાશે નહિ. રાત્રે કોઈપણ પ્રકારના જથ્થો ટેબલ પાસે રાખી શકાશે નહિ. ટેબલની પાછળ માત્ર ચાર ફૂટ જગ્યા મળશે. એકથી વધુ ટેબલ આપવામાં નહીં આવે. | | રૂ.૧૦,૦૦૦/- |

**નોંધઃ વાનગીની ગુણવત્તા અને પ્રાથમિકતાના ધોરણે પસંદગીના સ્ટોલધારકોને જ સ્ટોલ શુલ્ક ભરવાની પાવતી આપવામાં આવશે.**

**પત્રવ્યવહારનું સરનામુંઃ સૃષ્ટિ સંસ્થા, AES બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને SBI બેંક પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯**

**ફોનઃ (079) 2791 3293, 2791 2792, (મો) 99253 20793, 70434 61139**

**web: www.sristi.org, Email: sattvik@sristi.org**